આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૪૩ | ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૪, સોમવાર; મહા વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

રેલના બે પાટા, સુખ અને દુઃખની સમાન ભાતી છે, જે એના ઉપર સંતુલન જાળવે એની ગાડી સરસ ચાલે
- *મુનિ ચંદ્રશેખરજી*


(તસવીર : દિપક જાની)

સુવર્ણ ગાંધીનગર ઉત્સવનો મંગલાચરણ - ગાંધીનગરના ૫૦માં વર્ષ પ્રવેશ પૂર્વ સુવર્ણ ગાંધીનગર ઉત્સવનો પ્રારંભ સામુહિક દીપ પ્રાગટ્યથી ભારે ઉલ્લાસમય વાતાવરણમાં થયો હતો. નગરના નિર્માણથી આજ પર્યંતના વિવિધ ક્ષેત્રના ૫૦ મોભીઓના વરદહસ્તે દીપ પ્રાગટ્ય કરાયું ત્યારે દિવ્ય વાતાવરણ સર્જાયું હતું. નગરની વિવિધ શાળા - કૉલેજો અને કલા સંસ્થાઓની શ્રેષ્ઠ કૃતિઓની પ્રસ્તુતિ દ્વારા યોજાયેલ નૃત્યોત્સવના પ્રારંભથી ઉજવણી આરંભાઈ હતી. ગાંધીનગર કલ્ચરલ ફોરમ અને સહયોગી સંસ્થાઓ દ્વારા યોજાયેલ નૃત્યોત્સવમાં નગરના એક હજારથી વધુ કલાકારો ભાગ લઈ રહ્યા છે...

## પલ્સ પોલિયો અભિયાનમાં ૮૫ ટકાથી વધુ બાળકો આવરી લેવાયા

### હજુ બે દિવસ કેચ-અપ રાઉન્ડ દ્વારા ૧૦૦ ટકા બાળકો આવરી લેવામાં આવશે : શહેરમાં ૮૧ ટકા બાળકોને આવરી લેવાયા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે યોજાયેલ પલ્સ પોલિયો અભિયાનને સારી સફળતા મળી છે. શહેરી વિસ્તારમાં આ અભિયાનને ૮૧ ટકા જેટલી સફળતા મળી છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૮૮.૯૬ ટકા જેટલી સફળતા મળી છે.

જિલ્લામાં આજે વહેલી સવારથી જ અભિયાનનો આરંભ થયો હતો. જિલ્લાભરમાં ૮૦૦ થી પણ વધુ બુથ ઉભા કરવામાં આવ્યા હતા. તંત્રએ આજે અભિયાન દરમ્યાન બાળકોને વધુમાં વધુ આવરી લેવાની વ્યુહરચના તૈયાર કરી હતી.

તંત્રએ આ માટે ૭૦ જેટલી મોબાઈલ ટીમો પણ બનાવી હતી જેથી અંતરિયાળ વિસ્તારમાં રહેતા શ્રમિકોના બાળકોને પણ આવરી શકાય.

આજે વહેલી સવારથી જ આ અભિયાનને સારો પ્રતિસાદ સાંપડ્યો હતો. જો કે લગ્નસરાની સિઝન અને પરીક્ષાના માહોલનો અંતરાય હોવા છતાં તંત્રએ ૮૫ ટકાથી વધુ બાળકોને આવરી લેવામાં સફળતા મેળવી છે.

તંત્ર દ્વારા હજુ વધુ બે દિવસ આ ઝુંબેશ કેચ-અપ રાઉન્ડ યોજી ચલાવવામાં આવનાર છે. તંત્રને વિશ્વાસ છે કે ૧૦૦ ટકા સિદ્ધિ હાંસલ કરી શકાશે.

શહેરી વિસ્તારમાં આજે

● *અનુસંધાન પાન-૭ પર*













